C.R.M.A. No.266 /2025

**<u>મે. વિજાપુરના અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,</u>**

**<u>મુ. વિજાપુર, જી. મહેસાણા</u>**

<u>ફોજદારી પરચુરણ અરજ નંબર : ૨૬૬/૨૦૨૫</u>
આંક:–

**અરજદાર :–** **પટેલ ચિંતનકુમાર અમૃતલાલ,ઉ.આ.વ.૩૭**
રહે.ઉબખલ, તા. વિજાપુર,જિ.મહેસાણા.
હાલ રહે. બી/૧૭, પુષ્પક એપાર્ટમેન્ટ, હિરાવાડી રોડ,
સૈજપુર બોઘા, અમદાવાદ.

**:: વિરૂધ્ધ::**

**સામાવાળાઓ :–** (૧) **શાહ એસ.ડી. હાઈસ્કુલ એન્ડ**
**શ્રી બી.બી. પટેલ હાયર સેકન્ડરી સ્કુલ,**
મુ. કુકરવાડા,તા. વિજાપુર, જિ.મહેસાણા.
(૨) **તલાટી કમ મંત્રીશ્રી,**
કુકરવાડા ગ્રામ પંચાયત કચેરી,
(૩) **જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા.**

**બાબત:–ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન એકટ ૧૯૭૪ કલોઝ ૬ રેગ્યુલેશન ૧૨(એ)મુજબ....**

---

**અરજદાર તર્ફે:** વિ.વ. શ્રી **એસ.એન.સાધુ**
**સામાવાળાઓ તર્ફે:** વિ.વ. શ્રી : કોઈ નથી.

---

**<u>–: ઠ રા વ:–</u>**

**(૧)..** અરજદારે હાલની અરજી ગુજરાત એજ્યુકેશન સેકન્ડરી રૂલ્સ– ૧૨(એ) કલોઝ–(૬) મુજબ દાખલ કરી અરજીમાં એવી દાદ માંગેલ છે કે, અરજદાર પટેલ ચિંતનકુમાર અમૃતલાલનાએ સામાવાળા નં.૧ શાહ એસ.ડી. હાઈસ્કુલ એન્ડ શ્રી બી.બી. પટેલ હાયર સેકન્ડરી સ્કુલ, મુ. કુકરવાડા, તા. વિજાપુર, જિ.મહેસાણા ખાતે અભ્યાસ કરેલો. અરજદારના સ્કુલ લીવીગ સર્ટી નં.૧૪૭ તથા જનરલ રજીસ્ટરનં.૬૧ પ૬(એચ.એસ) માં કોલમ નં.૩ માં જન્મ સ્થળ: ઉબખલ, તા.વિજાપુર તથા કોલમ નં.૪ માં જન્મ તા.૦૧/૦૬/૧૯૮૮ લખાયેલ છે, જે ખોટું છે. જયારે અરજદારના જન્મના પ્રમાણ પત્રમાં અરજદારનું જન્મ સ્થળ: સુરજ હોસ્પીટલ, કુકરવાડા તથા જન્મ તા.

૦૩/૦૮/૧૯૮૮ લખાયેલ છે, જે સાચું છે. જેથી શાળાના જનરલ રજીસ્ટ્રરમાં સુધારો કરવા માટે તેઓએ હાલની અરજી ગુજરાત એજયુકેશન સેકન્ડરી રૂલ્સ– ૧૨(એ) કલોઝ–(૬) મુજબ દાખલ કરેલ છે.

**(૨)..** અરજદાર તર્ફે દાખલ કરેલ અન્ય અરજી વંચાણે લીધેલ છે. આ કામે સામાવાળાનાઓને સમન્સની બજવણી થઈ ગયેલ અને સમન્સ બજતા સોગંદનામું આવેલ છે, સદરહુ અરજી સાથેની સંબંધિત જોગવાઈઓ વંચાણે લીધેલ છે. બંને પક્ષની રજૂઆત સાંભળેલ છે. હાલની અરજી મુજબ અરજદાર પટેલ ચિંતનકુમાર અમૃતલાલનાએ સામાવાળા નં.૧ શાહ એસ.ડી. હાઈસ્કુલ એન્ડ શ્રી બી.બી. પટેલ હાયર સેકન્ડરી સ્કુલ, મુ. કુકરવાડા, તા. વિજાપુર, જિ.મહેસાણા ખાતે અભ્યાસ કરેલો. અરજદારના સ્કુલ લીવીગ સર્ટી નં.૧૪૭ તથા જનરલ રજીસ્ટરનં. ૬૧૫૬(એચ.એસ) માં કોલમ નં.૩ માં જન્મ સ્થળ: ઉબખલ, તા.વિજાપુર તથા કોલમ નં.૪ માં જન્મ તા.૦૧/૦૬/૧૯૮૮ લખાયેલ છે, જે ખોટું છે. જયારે અરજદારના જન્મના પ્રમાણ પત્રમાં અરજદારનું જન્મ સ્થળ: સુરજ હોસ્પીટલ, કુકરવાડા તથા જન્મ તા. ૦૩/૦૮/૧૯૮૮ લખાયેલ છે, જે સાચું છે. તે મુજબ સામાવાળા શાળા છોડયાનું નવીન પ્રમાણપત્ર કાઢી આપે તે માટે વિગતવાર રજુઆત કરેલ છે, તથા આંક–૦૪ થી રજૂ રાખેલ સોગંદનામુ વંચાણે લીધુ.

**(૩)..** આ કામમાં અરજી દાખલ કર્યા બાદ સામાવાળાનાઓને નોટીસ કાઢતા તેને બજી ગયેલ છે ત્યાર બાદ, અરજદારે તથા સામાવાળાઓએ આ કામમાં હાલની અરજી માટે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

| અ.નં | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૪ | અરજદાર પટેલ ચિંતનકુમાર અમૃતલાલનું સરતપાસનું સોગંદનામું |
| ૨ | ૦૫ | સામાવાળા નં.૧ તર્ફે પટેલ વિષ્ણુપ્રસાદ ડાહયાલાલનું સરતપાસનું સોગંદનામું |
| ૩ | ૦૬ | અરજદારના શાળાના જનરલ રજીસ્ટરનાં ઉતારાની નકલ |

| | | |
|---|---|---|
| ૪ | ૦૮ | સામાવાળા નં.ર તર્ફે ગોસ્વામી નિકીતાબેન વાસુદેવપુરીનું સરતપાસનું સોગંદનામું |
| ૫ | ૦૯ | સામાવાળા નં.ર નાએ રજૂ કરેલ જન્મ/મરણ રજીસ્ટરનાં ઉતારાની નકલ |
| ૬ | ૧ર | અરજદારના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ |
| ૭ | ૧૩ | અરજદારના જન્મના પ્રમાણપત્રની નકલ |
| ૮ | ૧૪ | સામાવાળા નં.૩ તર્ફે મહર્ષિવેદવંદન ધીરાજરાય પરમારનું સરતપાસનું સોગંદનામું |
| ૯ | ૧૫ | જિલ્લા શિક્ષણાધિકારી, મહેસાણાનાઓનો પત્ર |
| ૧૦ | ૧૭ | કલોઝીંગ પુરશીસ |

ગુજરાત એજયુકેશન સેકન્ડરી રૂલ્સની કલમ–૧ર(એ) કલોઝ–(૬)વંચાણે લીધી. એકવાર બાળક શાળા છોડે ત્યાર બાદ, તેના સ્કુલના રેકર્ડમાં મેજીસ્ટ્રેટશ્રીના હુકમ વગર સુધારો કરી શકતા નથી તેવા પ્રકારની જોગવાઈ આવેલ છે.

વધુમાં આ કામે નીચે મુજબની જે ઓથોરીટીઓ છે તે ધ્યાને લેતાં,

***(૧) ર૦૦૯(૧) જી.એલ.આર. પાન નં.ર૩૭ અપર્ણાબેન કૃણાલ શાહ વિ.રીજીઓનલ પાસપોર્ટ ઓફીસ***

***(ર) એ.આઈ.આર. ર૦૦૯ ગુજરાત પાન નં.૫૯,***

***રીજીઓનલ પાસપોર્ટ ઓફીસ વિ.***

***કોકીલાબેન જશંવતલાલ પંચાલ***

***(૩) ર૦૦૮(૩) જી.સી.ડી.૧૭૬૮(ગુજરાત)***

***નીતાબેન. એન.પટેલ વિરુઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત.***

***(૪) એન.એસ.ઠકકર વિરુઘ્ધ ગુજરાત સેકન્ડરી એજયુકેશન***

***રૂલ્સ જી.એલ.આર.ર૦૦૭(૩) પેજ નં.રર૭૬***

ઉપરોકત ઓથોરીટીઓમાં ના. ગુજરાત હાઈકોર્ટે નીચે મુજબના સિઘ્ધાંત ઠરાવેલ છે.

(i) જયારે જન્મ રજીસ્ટરમાં કરવામાં આવેલ નોંધ તથા સ્કુલ લીવીગ  સર્ટીફીકેટમાં કરવામાં આવેલ નોંધમાં ફેર હોય ત્યારે જન્મ રજીસ્ટરમાં  કરવામાં આવેલ નોંધને વધુ પ્રાધાન્યતા આપવી જોઈએ. સદર ઓથોરીટીમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આ કોર્ટને અરજદારનું નામ, જન્મ તારીખ, જન્મ સ્થળ વિગેરેમાં નોઘણીમાં થયેલ ભૂલ અંગે યોગ્ય તપાસ કરી સાચી જન્મ તારીખ, જન્મ સ્થળ, નામ વિગેરે જાહેરાત કરવાનો અધિકાર પહોંચે છે, તેવુ મારૂ નમ્ર પણે માનવુ છે,

આ સંજોગોમાં  હાથ ઉપરના કેસમાં જે સુધારો માંગેલ છે તે અરજદારના જન્મના પ્રમાણ પત્રમાં અરજદારનું જન્મ સ્થળ: સુરજ હોસ્પીટલ, કુકરવાડા તથા જન્મ તા. ૦૩/૦૮/૧૯૮૮ લખાયેલ  છે, જે સાચું છે, જે આ કામે આંક– ૧૩  થી રજૂ છે. જેથી સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટમાં  કોલમ નં.૩ માં અરજદારનું  જન્મ સ્થળ: ઉબખલ, તા.વિજાપુર તથા કોલમ નં.૪ માં જન્મ તા. ૦૧/૦૬/૧૯૮૮  સુધારવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ છે.  આ સંજોગોમાં અરજદારની અરજીની હકીકતોને માંગ્યા મુજબ સુધારો કરવા દસ્તાવેજી તથા મૌખિક પુરાવો નિગાહે લેતાં તે હકીકતને સોગંદનામાંથી પણ સમર્થન આપેલ છે,  તથા તેવી હકીકતો જયારે કોર્ટ સમક્ષ સોગંદ પર આપેલ છે તેને સમર્થનકારી દસ્તાવેજી પુરાવા પણ મળેલ છે ત્યારે તેને નહીં માનવાનું કોઈ કારણ રહેતું નથી. તે સંજોગોમાં રજુ કરેલ  પુરાવાઓ પરથી  કાયદાની કલમની જોગવાઈ મુજબ અરજીની સત્યતા તપાસતા સાચી જણાય છે, આ કામે અરજદારના શાળા છોડયાના  પ્રમાણ પત્રની નકલ આંક–૧૨  થી  રજૂ છે, જે જોતાં સ્કુલ લીવીગ સર્ટીફીકેટમાં સુધારો કરવો ન્યાયોચિત જણાતો હોઈ,

કોલમ નં.૩ માં **જન્મ સ્થળ: સુરજ હોસ્પીટલ, કુકરવાડા** તથા કોલમ નં.૪ માં **જન્મ તા. ૦૩/૦૮/૧૯૮૮** મુજબનો સુધારો કરવા સામાવાળા નં. ૧ ને હુકમ કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: **<u>આખરી હુકમ</u>** ::–

- અરજદારની અરજી **મંજુર** કરવામાં આવે છે.
- ધી ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન, ૧૯૭૪ ના વિનિમય નં.૧૨–ક–૬ મુજબ આથી **<u>પ્રમાણપત્ર આપવામાં આવે છે કે</u>**, અરજદાર પટેલ ચિંતનકુમાર અમૃતલાલનું **જન્મ સ્થળ: સુરજ હોસ્પીટલ, કુકરવાડા** તથા **જન્મ તા. ૦૩/૦૮/૧૯૮૮** અરજદારના જન્મના પ્રમાણપત્ર મુજબ સાચું છે.
- ઉપરોકત મુજબનું પ્રમાણ પત્ર ઈશ્યુ કરી અરજદારને આપવું.
- ઉપરોકત પ્રમાણપત્ર રજુ થયેથી સામાવાળા નં.૧ શાહ એસ.ડી. હાઈસ્કુલ એન્ડ શ્રી બી.બી. પટેલ હાયર સેકન્ડરી સ્કુલ, મુ. કુકરવાડા, તા. વિજાપુર, જિ.મહેસાણાના જવાબદાર અધિકારીશ્રી અરજદારના સ્કુલ લીવીગ સર્ટી **નં.૧૪૭** તથા જનરલ રજીસ્ટર **નં.૬૧૫૬ (એચ.એસ)** માં નિયમાનુંસરનો સુધારો કરી શકશે.

ઉપરોકત હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:**૦૯–૦૩–૨૦૦૬
**સ્થળ:** વિજાપુર

**(ધર્મેન્દ્રકુમાર અશોકભાઈ પટેલ)**
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
વિજાપુર જી.જે.૦૧૨૨૮